# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

---

પ્રતિ, તા. ૩૧/૦૮/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **નીતિનભાઈ ભજીયાવાલા એ "માંજો પાયેલા કાર્યકર્તા" છે : માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
- **રાહુલ ગાંધી જ્યાં જ્યાં જાય છે. ત્યાં ત્યાં BJP ની સીટો પાકી થાય છે.**
- **હવે "અહમદભાઈની કોંગ્રેસ" થઈ ગઈ છે. મૂળ કોંગ્રેસનો તો સફાયો થઈ ગયો છે : માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**
- **કોંગ્રેસનો તેના પ્રદેશ પ્રમુખ ઉપર જ ભરોસો નથી ત્યારે ગુજરાતની સાડા છ કરોડની જનતા કોંગ્રેસ ઉપર કઈ રીતે ભરોસો મૂકે.**
- **શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાની જન્મ દિવસની અનોખી ઉજવણી : જનસંઘ થી વર્તમાન ભાજપાના વડીલો પાસેથી આશિર્વાદ મેળવ્યા તેમજ "વડીલ વંદના" કાર્યક્રમનું આયોજન કર્યુ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાના જન્મ દિવસે મને રૂબરૂં આવીને શુભેચ્છા આપવાનો અવસર મળ્યો તે મારા માટે આનંદની વાત છે. નીતિનભાઈ ભજીયાવાલા એ "માંજો પાયેલા કાર્યકર્તા" છે. તેમ જણાવી માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નીતિનભાઈ ભજીયાવાલાને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી તેમજ ગણેશ ઉત્સવના પગલે કેકના બદલે લાડુ ખવડાવીને શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાનું મોઢું મીઠું કરાવ્યું હતું.

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનસંઘ થી ભાજપા વર્તમાન કાર્યકર્તાઓને સંબોધન કરતા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે ભાજપાનો કાર્યકર્તા એ સેવાનો વ્રત લઈને ચાલનારો કાર્યકર્તા છે. વંદે માતરમ્, ભારત માતા કી જયના રંગેથી રંગાયેલો કાર્યકર્તા છે. ભારત માતા પરમ વૈભવનું શિખર પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ઝઝુમનારો કાર્યકર્તા છે. તેમ જણાવી માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જનસંઘના વડીલ કાર્યકર્તાઓને વંદન કર્યા હતા તેમજ જન્મ દિવસ નિમિત્તે "વડીલવંદના"નો કાર્યક્રમ રાખવા બદલ શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાને અભિનંદન પાઠવ્યા હતા.

આજે મહત્ત્વના ચારેય પદ પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સ્પીકર પર ભાજપના પાયાના કાર્યકર્તાઓ બેઠા છે. ૧૮ રાજ્યોમાં ભાજપની સરકાર છે. દેશના ૭૫ ટકા ભુ–ભાગ પર ભાજપાનું શાસન છે. જનસંઘ થી ભાજપા સુધીની આ સફળતા

ત્રણ–ત્રણ પેઢીઓની ધ્યાન–તપસ્યા–બલિદાનને આભારી છે. બાકી એક સમય એવો હતો કે દુરબીન લઈને બેસો તો પણ ક્યાંય દુર–દુર સુધી સતા નજરે પડતી ન હતી. જનતા પાર્ટી બની ત્યારે ફક્ત ત્રણ બેઠકો તે પણ જીતાય નહી તેવી હોવાથી કચ્છ, રાજકોટ અને કપડવંજ જનસંઘને ફાળવી હતી અને એ ત્રણેય બેઠકો પર જનસંઘનો વિજય થયો હતો. જ્યારે આજે તો ગુજરાતની ૨૬ માંથી ૨૬ બેઠકો આપણી પાસે છે. ભાજપા એ વિશ્વની સૌથી મોટી પાર્ટી છે. તેવા સમયે આપણે પાર્ટીના કાર્યકર્તા છીએ. તે આપણા માટે ગર્વની વાત છે. જેથી લોકોની આપણી પાસેથી આશા અને અપેક્ષા વધી ગઈ છે.

કોંગ્રેસ પર ચાબખા મારતા માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે કોંગ્રેસના બંધારણમાં ક્યાંય ઉલ્લેખ નથી કે પ્રદેશ પ્રમુખ ઉપર ચાર–ચાર કાર્યકારી પ્રમુખની નિમણૂંક કરવી. પરંતુ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ઉપર ચાર–ચાર કાર્યકારી પ્રમુખ બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસને તેના પ્રદેશ પ્રમુખ ઉપર જ ભરોસો નથી તો ગુજરાતની સાડા છ કરોડની જનતા કોંગ્રેસ ઉપર કઈ રીતે ભરોસો મૂકે ? આજે કોંગ્રેસમાં ૩૦–૪૦ મહામંત્રી, ૬૦–૭૦ મંત્રી બનાવી દઈ છુટા હાથે હોદ્દાની લ્હાણી કરવામાં આવી છે. કારણ કે હોદ્દો ન મળે તો કોંગ્રેસનો કાર્યકર્તા નારાજ થઈ જાય છે. કોંગ્રેસના નેતા અને કાર્યકર્તા સત્તાલક્ષી છે. કોંગ્રેસ માટે સત્તા જ સર્વસ્વ છે. જ્યારે ભાજપા માટે સત્તાએ સેવાનું સાધન છે. આજે મૂળ કોંગ્રેસ તો સાફ થઈ ગઈ છે. હવે જે કોંગ્રેસ છે તે અહમદભાઈની કોંગ્રેસ છે અને અહમદભાઈ પણ એવું જ કહે છે કે હું આ ૪૩ લોકોને જીતાડીશ. જે સમયે ગુજરાતના લોકો પૂરગ્રસ્ત હતા તે સમયે સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લોરમાં જલસા કરી રહ્યા હતા. કોંગ્રેસ પરીવારવાદને કારણે જ આજે સમાપ્ત થઈ ગઈ છે. રાહુલ ગાંધી એવું કહે છે કે તેઓ ગુજરાતમાં ઠેર

ઠેર પ્રવાસ કરશે. પરંતુ જ્યાં જ્યાં રાહુલ ગાંધી પ્રવાસ કરે છે ત્યાં ત્યાં ભારતીય જનતા પાર્ટીની સીટો પાકી થાય છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જે વિકાસની રાજનિતી પ્રસ્થાપિત કરી છે. તે માર્ગ ઉપર જ ગુજરાતની સરકાર ચાલી રહી છે. એક વર્ષના ટુંકા ગાળામાં ૫૭૫ જેટલા પ્રજાહિતના લોકાભિમુખ નિર્ણયો રાજ્ય સરકારે કર્યા છે. પૂર વખતે પાંચ પાંચ દિવસ બનાસકાંઠા આખી સરકાર સેવા કાર્યમાં લાગી રહી હતી. પૂર પીડિત ખેડુતોને ૬૫૦ કરોડ રૂપિયા વળતર રૂપે આપી દેવામાં આવ્યા છે. સ્વાઈન ફ્લૂ વચ્ચે પણ સરકાર લોકો સાથે રહી હતી એમ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જન્મ દિવસ નિમિત્તે શુભેચ્છા આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત જનસંઘના તમામ વડીલો તથા ભારતીય જનતા પાર્ટીના શરૂઆત થી અત્યાર સુધીના તમામ પ્રમુખશ્રીઓ, તેમના પરિવારજનો, મહિલા મોરચા, યુવા મોરચાના પ્રમુખશ્રીઓ તથા કાર્યકર્તાનો પણ આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો.

આજના કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ અને શ્રી સી.આર. પાટીલ, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, ગુજરાત વિધાનસભાના દંડક શ્રી અજયભાઈ ચોકસી, સુરત શહેરના હોદ્દેદારશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં યુવા અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.